# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/138 Dt. 16/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે એસ્ટ્રલ પાઇપ્સ અને વાડીલાલ આઇસ્ક્રીમની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી વિધાનસભાની લાઇવ કાર્યવાહી નિહાળી ગીફ્ટ સિટીની પણ મુલાકાત લીધી

### ગીફ્ટ સિટી ખાતે India INX કંપનીની મુલાકાતમાં ચેમ્બરે વૈશ્વિક સ્તરે કરાતા ટ્રેડિંગના માધ્યમો અને આંતરરાષ્ટ્રીય ફાયનાન્સિયલ માર્કેટ સાથે જોડાણની માહિતી મેળવી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઉદ્યોગ જગતમાં આધુનિક ઉત્પાદન પ્રક્રિયાઓ અને વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે ઉદ્યોગ સાહસિકો તેમજ ચેમ્બરના સભ્યોને અવગત કરાવવા માટે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કરે છે, જેના અંતર્ગત ચેમ્બરના પ્રતિનિધિ મંડળે થોડા દિવસો પહેલા ગાંધીનગર ખાતે એસ્ટ્રલ પાઈપ્સ અને વાડીલાલ આઈસ્ક્રીમના ઉદ્યોગ સ્થળોની મુલાકાત લીધી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે એસ્ટ્રલ પાઈપ્સની મુલાકાત દરમ્યાન પાઈપ્સની ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિઓ, નવી ટેકનોલોજી અને વૈશ્વિક માર્કેટ માટેના ઉત્પાદન ધોરણો વિષે વિગતવાર માહિતી મેળવી હતી. ઉદ્યોગનું સંચાલન, મશીનરી અને ઓટોમેશનના આધારે ચાલતી વ્યવસ્થાઓનો ચેમ્બરના પ્રતિનિધિ મંડળે અભ્યાસ કર્યો હતો.

ત્યારબાદ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે વાડીલાલ આઈસ્ક્રીમની ફેક્ટરીની મુલાકાત લીધી હતી, જ્યાં આઈસ્ક્રીમ બનાવવાની પ્રક્રિયા, હાઇજિન સ્ટાન્ડર્ડ્સ, ફૂડ સેફટી પ્રોટોકોલ્સ અને બજારમાં સ્પર્ધાત્મક રહેવા માટેના અભિગમો વિષે જાણકારી મેળવી હતી. ઉદ્યોગમાં મહત્વની બાબતો જેવી કે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને ગુણવત્તા નિયંત્રણ વિષે પણ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે વિસ્તૃત માહિતી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે વિધાનસભાની પણ મુલાકાત લીધી હતી, જ્યાં ઉદ્યોગ સાહસિકોએ વિધાનસભાની લાઈવ કાર્યવાહી નિહાળી હતી. પ્રતિનિધિ મંડળે રાજ્યના વિવિધ નીતિગત અને વિકાસ સંબંધી મુદ્દાઓ પર ચાલી રહેલી લાઇવ ચર્ચા અને નિર્ણય પ્રક્રિયાને સમજી રાજ્યની રાજકીય વ્યવસ્થાની માહિતી મેળવી હતી. આ મુલાકાત ઉદ્યોગ સાહસિકો માટે સરકારની યોજનાઓ અને નીતિઓને વધુ સારી રીતે સમજવા માટે ખુબ ઉપયોગી રહી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ દરમ્યાન ગાંધીનગર ખાતે વિશ્વ સ્તરની ગીફ્ટ સિટી (ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક)નું નિરીક્ષણ પણ મુખ્ય આકર્ષણ રહ્યું હતું. પ્રતિનિધિ મંડળે ગીફ્ટ સિટીના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર, સુવિધાઓ અને વૈશ્વિક સ્તરે અર્થતંત્રને જોડવાના ઉદ્દેશ્યો વિશે માહિતી મેળવી હતી. ગીફ્ટ સિટી ગ્લોબલ ફાયનાન્સિયલ એન્ડ ટેકનોલોજી હબ તરીકે ઓળખાય છે, જ્યાં એક છત નીચે ઉદ્યોગોને સિન્ગલ વિન્ડો કિલયરન્સ અને એપ્રુવલ્સ મળે છે. ચેમ્બરના પ્રતિનિધિઓએ આ પ્રકારની સિટી અને તેના દ્વારા સર્જાતી વ્યવસાયિક તકો અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

ગીફ્ટ સિટીની મુલાકાત દરમ્યાન ચેમ્બરના પ્રતિનિધિઓએ અહીં આવેલા ભારતીય સ્ટોક એકસચેન્જ (India INX) કંપનીની પણ વિઝીટ કરી હતી. પ્રતિનિધિઓને India INX ની આધુનિક કામગીરી પદ્ધતિ, વૈશ્વિક સ્તરે કરાતા ટ્રેડિંગના માધ્યમો અને આંતરરાષ્ટ્રીય ફાયનાન્સિયલ માર્કેટ સાથે જોડાણ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. India INX એ ગુજરાતમાં વિશ્વની સૌથી ઝડપી અને ફાઇનાન્સિયલ સર્વિસિસ એકસચેન્જ તરીકે ઉદ્યોગ જગતમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહેલી કંપની છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, એસ્ટ્રલ પાઈપ્સ અને વાડીલાલ આઈસ્ક્રીમ જેવી પ્રતિષ્ઠિત કંપનીઓના ઉદ્યોગ સ્થળોની મુલાકાતથી ચેમ્બરના સભ્યોને વ્યવસાયમાં સુધારા લાવવા માટે ઉપયોગી સૂચનો અને પ્રેરણા મળી હતી. વિધાનસભાની મુલાકાતથી ઉદ્યોગસાહસિકો અને વેપારીઓને સરકારની નીતિઓ અંગે વધુ સ્પષ્ટતા મળી હતી અને વ્યવસાયને આગળ વધારવા માટે ઉપયોગી માહિતી પ્રાપ્ત થઇ હતી.

તેમણે જણાવ્યું હતું કે, ગીફ્ટ સિટીની મુલાકાત દ્વારા ચેમ્બરના પ્રતિનિધિઓને ગુજરાત રાજ્યમાં ઉદ્યોગ અને ફાયનાન્સ ક્ષેત્રે થતા વિકાસની સમજૂતિ મળી હતી. India INX કંપનીની મુલાકાત પણ પ્રતિનિધિઓ માટે ખૂબ જ જ્ઞાનપ્રદ સાબિત થઇ હતી. ચેમ્બર આગામી દિવસોમાં પણ ઉદ્યોગ સાહસિકોને નવું જ્ઞાન મેળવવા માટે સતત આવી ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરીને ઉદ્યોગની પ્રગતિને પ્રોત્સાહન આપશે.